ગાંધીનગર સમાચાર

'સ્વીચ ઓફ'ની આદત પાડવી રાષ્ટ્ર માટે ભારે ઉપકારક બની રહેશે

@ગાંધીનગર

વાવોલમાં ટ્રક ભડભડ સળગી...!!

વાતવાતમાં

મકાઈનું ભુસું ભરીને માણસા તરફ જઈ રહેલ ટ્રક પુન્દ્રાસણ ચોકડી નજીક વિજળીની હાઈપર ટેન્શન લાઈનને અડકી જતા સળગી ઉઠી : ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી કુદી જતા આબાદ બચાવ : પાણીના ખાનગી ટેન્કર તથા ફાયરબ્રિગેડની મદદથી આગ કાબૂમાં લેવાઈ

ગાંધીનગર, તા.૨૪

આજે ભરબપોરના સુમારે વાવોલની પુન્દ્રાસણ-કોલવડા ચોકડી નજીક મકાઈનું ભુસું ભરીને લઈ જઈ રહેલી એક ટ્રક વિજળીની હાઈપર ટેન્શન લાઈનને અડકી જતા સળગી ઉઠી હતી. આ સમયે ટ્રક ડ્રાઈવરે સમયસૂચકતા દાખવી ટ્રકમાંથી કુદી જતા તેનો આબાદ બચાવ થયો હતો. પરંતુ આગના કારણે ટ્રકના ટાયર અને ઉપર ઢાંકેલ તાડપત્રી વગેરે સળગી જવા પામ્યા હતા. આ સમયે ગામના એક પાણીના ખાનગી ટેન્કર તથા ફાયરબ્રિગેડની મદદથી આગને કાબુમાં લેવામાં આવતા મોટું નુકશાન થતા અટકયું હતું.

વાવોલમાં ભર બપોરે લગભગ અઢી ત્રણ વાગ્યાના સુમારે બનેલી આ ઘટનાની વિગતો એવી છે કે રાપર તરફથી મકાઈનું ભુસું જેનો ઉપયોગ પશુ આહાર માટે કરાય છે તે ભરીને માણસાના મકાખડ ખાતે એક ટ્રક જઈ રહી હતી. આ ટ્રક વાવોલના સંકલ્પ રૉયલ બંગ્લોઝ નજીકથી પસાર થતા પુન્દ્રાસણ કોલવડા ચોકડી નજીક ડ્રાયવરે લઘુશંકાની ઈચ્છાથી ટ્રકને પાર્ક કરવા રોડની સાઈડમાં દબાવી હતી. અહીં ઉપરથી વિજળીની હાઈપર ટેન્શન લાઈન પસાર થઈ રહી હતી. તેની લાઈન ટ્રકના ઉપરના ભાગે અડકી જતા ટ્રકની ઉપરની તાડપત્રી સળગવા લાગી હતી. આ દૃશ્ય જોઈ ચોકડી નજીક ઉભેલા ગ્રામજનોએ બુમાબુમ કરતા ડ્રાઈવર ટ્રકમાંથી કુદીને બહાર આવી ગયો હતો. આના કારણે ટ્રકના ટાયર પણ સળગવા લાગ્યા હતા. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલ એક પાણીના ખાનગી ટેન્કરને ઉભું રાખી તેમાંથી પાણીનો છંટકાવ કરાયો હતો. જો કે આ સમયે વીજલાઈન ચાલુ હોવાથી ટેન્કરમાંથી પાણી છાંટવુ જોખમી જણાયું હતું.

આ સમયે ઉપસ્થિત જાગૃત ગ્રામજનોએ ફાયર બ્રિગેડ અને ઉત્તર ગુજરાત વીજ કંપનીને જાણ કરી દેતા ફાયર બ્રિગેડનુંફાયટર તુરંત ઘટના સ્થળે ધસી આવ્યું હતું. વીજ કંપની દ્વારા તુરંત વીજ પુરવઠો કાપી નાંખવામાં આવ્યો હતો અને પછી ફાયરબ્રિગેડની ટીમે આગને કાબુમાં લઈ લીધી હતી. પોલીસ પણ આ સમયે ઘટના સ્થળે ધસી આવી હતી. જો કે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ ના થતા સૌએ રાહતનો દમ લીધો હતો.

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સેકટર-૨ ઉની બીબીએ કોલેજમાં બપોરે ૨.૦૦ કલાકે કેપિટલ ફર્સ્ટ લી. તથા મેકસ ન્યુયોર્ક લાઈફ ઈન્શ્યુરન્સ કંપની દ્વારા જોબ પ્લેસમેન્ટ કેમ્પ યોજાશે.

રાજયપાલ ઓ.પી. કોહલીએ નવી દિલ્હી ખાતેથી ઈ વોટીંગ દ્વારા મતદાન કર્યું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની યોજાયેલ ચુંટણી માટે આજે મતદાનના દિવસે ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીએ નવી દિલ્હી ખાતેથી ઈ-વોટીંગ દ્વારા મતદાન કર્યું હતું. ઈ-વોટીંગ દ્વારા પોતાના મતાધિકારનો સરળતાથી ઉપયોગ કરી શકાય છે તેમ જણાવી રાજયપાલ ઓ.પી. કોહલીએ ઈ-વોટીંગ પધ્ધતિને આવકારી હતી.

ગ્રાઈન્ડર રીપેરીંગ કરવા જતાં કરંટ લાગવાથી કારીગરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૨૧ ખાતે સ્થિત શોપીંગમાં લોખંડનો ગલ્લો નાંખીને એ ટુ ઝેડ ઈલેકટ્રીકસના નામે નાનું મોટું વાયરીંગને લગતું કામ કરતા યુવાન મુકેશભાઈ શ્રીમાળીનું આજે કરંટ લાગતા મૃત્યુ થઈ જવા પામ્યું છે. મુકેશભાઈ ગ્રાઈન્ડર રીપેરીંગ કરી રહ્યા હતા તે દરમિયાન રીપેર થઈ ગયેલા ગ્રાઈન્ડરનું ટેસ્ટીંગ કરવા વાયરના ચાલુ લાઈનના છેડા અડાડીને વાયર નીચે મુકી દીધો હતો. લોખંડનો ગલ્લો હોવાથી વાયર લોખંડને અડતા જ કરંટ લાગતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

પીંપળજની ઘટના સંદર્ભે દલિત સેના કલેકટરને રજૂઆત કરશે

પીંપળજ ગામમાં ગરબાના મામલે થયેલી જૂથ અથડામણના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા આ હુમલાની ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે આગામી દિવસોમાં જિલ્લા કલેકટરને આવેદન આપી રજૂઆત કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા દલિત સેનાના ઉપપ્રમુખ દાનાભાઈ મિસ્ત્રીએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર પીપળજમાં બનેલી ઘટનાના પગલે દલિત સેનાના બાબુભાઈ મેસરવાલા સહિતના આગેવાનોએ ગામની મુલાકાત લીધી હતી. આ દરમિયાન દલિતો હજુ પણ ભયના ઓથા હેઠળ હોવાનું જણાવાયું છે ત્યારે આગામી દિવસોમાં ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની કોઈ ઘટના ન બને તે માટે જિલ્લા કલેકટરને રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો છે યોગ્ય રક્ષણ પુરું પાડવા દલિત સેના દ્વારા રજુઆત કરવામાં આવશે.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મોટા ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ દ્વારા સિમફોની-૨૦૧૬ કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી. આ વાર્ષિકોત્સવની ઉજવણી નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ નૃત્યોની પણ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સિમફોની-૨૦૧૬ વાર્ષિકોત્સવના પ્રસંગે સૌ પ્રથમ ગણેશ વંદના કરવામાં આવી હતી ત્યારબાદ નાના ભૂલકાઓ દ્વારા અનોખી કૃતિઓ રજૂ કરાઈ હતી. આ કાર્યક્રમના અંતે શાળાના તેજસ્વી તારલાઓને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અજીતભાઈ સોની, શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ રાવલ, અશોકભાઈ રાવલ, સુનિલકુમાર કેશરી, પ્રિતિ ભદોરિયા, ધર્મેન્દ્ર વ્યાસ, કો. ઓર્ડિનેટર સઈદા કોવડિયા અને ડૉ. ચંદ્રા નાયડુ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ વાર્ષિકોત્સવમાં વાલીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

''વિલિયમ સેક્સપિયર'' આ નામથી કોણ પરિચિત નહી હોય. ચાર ચાર સદીથી જેની સર્જનાત્મકતા વિશ્વમાં જાદુ પાથરી રહી છે તેવા સેક્સપિયરની ''વર્ડ ટુ વિઝ્યુઅલ જર્ની'' એટલે કે ''શબ્દથી દૃશ્ય તરફની ગતિ''ને ગાંધીનગરના જાણીતા ડોલ આર્ટિસ્ટ હરિન ભટ્ટે તેજ શૈલીમાં વિઝ્યુલાઈઝ કરી અનોખી અંજલિ અર્પિત કરી છે. હરિન ભટ્ટે સેક્સપિયરના સાહિત્યકાર-કલાકાર તરીકેના ઊંડાણને પોતાની કલાના ઊંડાણથી ન્યાય આપવાની કોશિષના ભાગરૂપે તેમનું આબેહૂબ ક્લેમોડેલ બનાવ્યું છે. આમ તો જે જુનુ થાય તે ઘસાતુ જાય પરંતુ સેક્સપિયરનું સર્જનની ૪૦૦ વર્ષિય લોકપ્રિયતાનો ગ્રાફ સતત ચડતો રહે છે તે તેમની ક્ષમતાનો પુરાવા સમાન છે.

● શનિ-રવિવારની સાંજે સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલ એટીએમ ગિટારિસ્ટ ગૃપના પરફોર્મન્સને માણવા ફરી એક વાર પરીવાર સાથે ઉમટી પડેલા સહેલાણીઓએ ભીડ જમાવી હતી. આ રવિવારે તો ગૃપને વાંસળી અને તબલા વગાડતા અન્ય યુવાનોનો પણ સાથ મળતા રંગત વધુ જામી હતી.

● સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ઓકિસજન આપવા માટેની વ્યવસ્થા સેન્ટ્રલાઈઝડ સીસ્ટમથી કરવામાં આવેલી છે. શનિવારે સીસ્ટમમાં ઓકિસજનનો ફોર્સ ઓછો પડવાથી ઓકિસજનની જરૂરિયાતવાળા દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલે 'રીફર' કરવા પડયા હતા.

● વાવોલમાં એક ટ્રક ઈલેકટ્રીક લાઈનને અડકી જવાથી સળગી ઉઠવાની ઘટનાને કારણે તાત્કાલિક વીજ પુરવઠો અટકાવવો પડયો હતો. આ ઘટનાથી અજાણ નાગરિકો ઉનાળાના ખરા બપોરે એસી-પંખા બંધ થઈ જવાથી અકળાઈ ઉઠયા હતા અને વીજ કંપનીને કોસવા લાગ્યા હતા.

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓમાં કદાચ ઉનાળાની ગરમીના કારણે મતદારોએ નીરસતા દાખવી હતી. જો કે ગ્રામ્ય વિસ્તારમાં શારિરીક રીતે વિકલાંગતા ધરાવતા 'દિવ્યાંગ' મતદાતાઓ સહિત તમામે મોટી સંખ્યામાં મતદાન પ્રત્યે જાગૃતિ દર્શાવી શહેરના 'શિક્ષિત' મતદારો સમક્ષ પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં ગુજરાતી ફિલ્મ સુપર સ્ટાર વિક્રમ ઠાકોરે પોતાના ગામ ફતેપુરામાં

મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પોતાના ૬૫૨૮૧ શિડયુલમાંથી સમય નીકાળી બપોર બાદ તેઓએ સે-૧૫ ફતેપુરાની સરકારી પ્રાથમિક શાળા ખાતે મતદાન કર્યુ હતું. આ સમયે તેમને નિહાળવા મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા.

ઓ સર... પ્લીઝ સ્વીચ ઓફ વ્હેન નો યુઝ...!!

સરકારી કાર્યાલયોમાં ખાલી ટેબલ-ખુરશીઓ પર પણ લાઈટ-પંખાની ચાલુ ડયુટીથી વિજળીનો બેફામ વ્યય : સરકારી બાબુઓએ 'સ્વીચ ઓફ'ની આદત પાડવી રાષ્ટ્ર માટે ઉપકારક બની રહેશે

લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં જ વિશ્વમાં પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી. આપણે ત્યાં શાળાઓમાં ચિત્ર સ્પર્ધાઓના આયોજનો, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વકતવ્યોના આયોજનો અને અખબારોમાં કલાઈમેન્ટ ચેન્જથી ધરતીને થઈ રહેલા નુકશાન અંગેના લાંબા લચક લેખો છાપી સંતોષ માની લેવાયો છે. પૃથ્વીને નુકસાન પહોંચાડનાર અનેક પરિબળોમાં કાર્બનનું ઉત્સર્જન સૌથી વધુ જવાબદાર છે. કાર્બનના ઉત્સર્જનમાં વિજળીનો વપરાશ પ્રમુખ ભૂમિકા ભજવે છે. પરંતુ વિજળી એ જીવનનું અનિવાર્ય અંગે છે. વિજળીના વપરાશ વગર હવે જીવન શકય નથી જ પરંતુ આ વપરાશમાં સભાનતા દાખવી જેટલો વ્યય ઓછો કરીએ તેટલી સરવાળે પૃથ્વીની આવરદા વધે તેવું કહી શકાય.

સરકાર દ્વારા વિજળીના બચાવ માટે અનેક જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. અરે ખુદ વીજ કંપનીઓ જેમનો વેપાર જ વીજ વેચાણનો છે તેમના દ્વારા પણ વીજ પુરવઠાનો સપ્લાય કરવા સાથે સાથે વિજળીનો બચાવ કેવી રીતે કરી શકાય તેવા સૂચનો તેના ગ્રાહકોને આપવામાં આવે છે અને જેમ જેમ વપરાશ વધે તેમ તેમ બીલની રકમ વધવાની ગતિ પણ વધારી ઉપભોકતાઓને ઓછી વિજળી વાપરવા આડકતરી રીતે પ્રેરિત કરાય છે. સરકારી તંત્ર દ્વારા એક સામાજિક જવાબદારી નિભાવવા કે નીતિની દૃષ્ટિએ વિજળી બચાવવા અંગેના અભિયાનો જાગૃતિ કાર્યક્રમો વગેરે ચલાવાતા હશે પરંતુ હકીકત જોઈએ તો સરકારી કાર્યાલયોમાં જ સૌથી વધુ વિજળીનો વેડફાટ જોવા મળે છે. રાજયના પાટનગર હોવાના નાતે ગાંધીનગરમાં અગણિત સરકારી કાર્યાલયોનું વિશાળ માળખુ મોજુદ છે. બહુમાળી ભવનો અને વિશાળ સંકુલો ધરાવતા આ ઓફિસોમાં લાખ્ખો કર્મચારીઓ અને હજજારો અધિકારીઓ કાર્યરત છે. તમે સરકારી ઓફિસમાં પ્રવેશો એટલે કર્મચારી-અધિકારી બાબુઓના ટેબલો, કેબિનોની હારમાળા નજરે પડે અને તેમના માથે રૂપકડી ટયુબલાઈટો ઝળહળી રહી હોય છે અને સાથે આખી ઓફિસમાં એકબીજા સાથે સ્પીડની હરિફાઈ કરતા હોય તે રીતે પંખાઓ ફુલ સ્પીડે ફરતા અચૂક જોવા મળે જ. વળી હવે તો દરેક ટેબલે કોમ્પ્યુટર્સ પણ એનિવાર્ય પણે ચાલુ હોય છે.

કામ કરવા માટે લાઈટ-પંખાની અનિવાર્યતા સામે કોઈ ફરિયાદ ના હોઈ શકે અને કોમ્પ્યુટરના યુગમાં કામની ઝડપ અને ચોકસાઈ સાથે કાગળનો બચાવ પણ થાય છે તે પણ એક હકારાત્મક પાસુ છે. આ તમામ સંશાધનોનો ઉપયોગ જયાં સુધી કર્મચારી કે અધિકારી પોતાની જવાબદારી સમજી કરે ત્યાં સુધી સારુ છે પરંતુ મોટે ભાગે હકીકત તદન જુદુ જ ચિત્ર ઉભું કરે છે. વિજળીની સ્વીચ કાર્યાલયની અંદર જ મોજુદ હોવા છતાં સરકારી બાબુઓને તેમને જરૂર ના હોય તેવા સમયે 'ઓફ' કરવામાં કદાચ નાનમ અનુભવાય છે. જયારે સમય રિશેષનો હોય કે કામ પતાવી ઓફિસની બહાર નિકળવાનો હોય આ બાબુઓની 'સ્વીચ ઓફ' કરવા પ્રત્યેની નાનમના કારણે ખાલી ટેબલ ખુરશીઓ પર લાઈટ-પંખા સતત 'ડયુટી' બજાવતા નજરે પડવું એ સામાન્ય દૃશ્યો બની ગયા છે.

લાઈટની સ્વીચ ચાલુ કરવી અને બંધ કરવી એ માત્ર સેવક કે પટાવાળાનું જ કામ છે તેવું માનતા આ સરકારી બાબુઓ જાણે અજાણે વિજળીના અઢળક વેડફાટ માટે જવાબદાર બને છે પરંતુ અસહ્ય વાત તો એજ ગણાય કે એ જ સરકારી બાબુ પોતાના ઘરે બાળકને રૂમમાં લાઈટ-પંખા ચાલુ રાખી ચાલ્યા જવા બદલ ઝાટકણી કાઢતા અચકાતા નથી. વિજળી બચાવવાના ઉપાયો અંગે લખેલા નિબંધથી સ્પર્ધામાં વિજેતા થયેલા પોતાના બાળકને શાબાશી આપતા અને પછી તેને સોશ્યલ મિડિયા પર શે'ર કરી ઓફિસમાં છાતી ફુલાવતા જે ધરાતા નથી હોતા તેવા ઘણા સરકારી બાબુઓ ચા પીવા કેન્ટિન જતી વખતે પોતાના કેબિનના લાઈટ-પંખા 'સ્વીચ ઓફ' કરવાનું સિફતપૂર્વક ભૂલી જાય છે. જો કે એનું કારણ એ પણ હોઈ શકે ને કે તેમણે કયાં તો દિકરાએ લખેલો નિબંધ વાંચ્યો જ નથી અથવા વાંચ્યો છે તો દિકરાએ કલ્પેલી વાતો માત્ર અભ્યાસકમનો ભાગ જ ગણી તેને વ્યવહારુ જીવનમાં અપનાવવા યોગ્ય માની જ નથી શકયા.

પહેલા સીએફએલ અને હવે એલઈડીની શોધ સાથે વિજળીના ઉપકરણો પણ ધીમે ધીમે સ્માર્ટ થતા જાયછે. કેન્દ્ર સરકાર દ્વારા એલઈડીના ઉપયોગને વેગ મળે તે માટે વિશેષ પગલા લેવાઈ રહ્યા છે તે જોતા ટૂંક સમયમાં તમામ સરકારી કાર્યાલયોમાં એલઈડી લાઈટના અજવાળા પથરાશે તેમાં બે મત નથી. ઓછા વીજ વપરાશમાં વધુ પ્રકાશ આપતી આ શોધ ઘણી ઉપયોગી સાબિત થઈ રહી છે પરંતુ હજુ પણ તેની પરવડતા માટે સામાન્ય ગરીબ વર્ગે કદાચ રાહ જોવી પડશે. સરકારી કાર્યાલયો કદાચ આ ઉપકરણોથી અપગ્રેડ તો થઈ જશે પરંતુ જયાં સુધી 'સ્વીચ ઓફ વ્હેન નો યુઝ' ની આદત નહી કેળવાય ત્યાં સુધી વીજ વેડફાટમાં લાંબો ફર્ક નહી પડે. મોટા ભાગના કાર્યાલયમાં તો જયારે દિવસ પુરો થઈ જાય અને ઓફિસ ખાલી થઈ જાય ત્યારે એક એક સ્વીચ ઓફ કરવાને બદલે ડાયરેકટ મેઈન સ્વીચ ઓફ કરવાનો શિરસ્તો જોવા મળે છે. જેને બીજા દિવસે તે રીતે જ ચાલુ કરાય છે તેથી એક સાથે તમામ ઉપકરણો ચાલુ થતા તેના સ્ટાર્ટ ટોર્કને કારણે વધુ વ્યય થાય છે અને ઉપકરણોને પણ નુકશાન થવાનો ભય રહે છે. બસ જો બાબુઓ માત્ર 'સ્વીચ ઓફ' ની ટેવ વિકસાવશે તો આ સમસ્યા મહદઅંશે ઉકેલાશે અને એક મોટા જથ્થામાં વીજખપત ઘટાડી શકાશે તેમાં બે મત નથી.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

પિલવાઈ કોલેજમાં એ.પી. આઈ અંગેનો રાજયકક્ષાનો વર્કશોપ યોજાયો

પિલવાઈ કોલેજ સંકુલ ખાતે કોલેજના આચાર્યો તથા અધ્યાપકો માટે એ.પી.આઈ.ની ગણતરીના માર્ગદર્શન માટે એક દિવસનો રાજયકક્ષાનો વર્કશોપ યોજાયો હતો. જેમાં યુજીસી દ્વારા કોલેજ અધ્યાપકોના પ્રમોશન તથા આચાર્ય/પ્રોફેસર તરીકેની નિયુકિત માટે અમલમાં મુકાયેલી પરફોર્મન્સ બેઈઝ એપ્રાઈઝલ સીસ્ટમ અનુસાર હવેથી દરેક અધ્યાપકના એપ્રાઈઝલ પરફોર્મન્સ ઈન્ડીકેટરને આધારે તેની નિયુકિત તથા પ્રમોશન નક્કી થશે તથા એ.પી.આઈની ગણતરી અંગે વિષય તજજ્ઞો દ્વારા સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ગોદરા સાહેબ, સંસ્થાના મંત્રી હિંમતસિંહ વિહોલ, ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. પંકજ એન.ગજજર, ડૉ. હાર્દિક સોની, આચાર્ય ડૉ. સંજય શાહ, કન્વીનર કે.એસ. ભટ્ટ, ડૉ. સી.એન. પટેલ તેમજ રાજયના ૨૦૦થી વધુ આચાર્યો તથા અધ્યાપકો હાજર રહ્યા હતા.

ચિરવિદાય

- સ્વ. ચૌધરી ગોપાળભાઈ ગાંડાભાઈ, ઉ.વ.૭૩
- સ્વ. વાઘેલા શાંતિબા મનુજી, ઉ.વ.૮૦